


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 198
Dt.: 31-03-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa


### ૩૮,૯૪૯ પરિવારોને મળશે પોતાના નવા ઘરની ચાવી

# વડાપ્રધાન મોદી આજે રૂ.૧૯,૮૦૦ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતુહૂર્ત કરશે

## વાવ-થરાદ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત ભારત અને ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે એટલે કે, ૩૧મી માર્ચના રોજ વાવ-થરાદ ખાતેથી કુલ રૂ.૧૯,૮૦૬.૯ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમાં ભારત સરકારના ઊર્જા, માર્ગ, પરિવહન અને હાઈવે તેમજ રેલવે મંત્રાલયના રૂ.૧૦,૯૨૧ કરોડના તેમજ ગુજરાત સરકારના શહેરી વિકાસ, જળ સંસાધન, પાણી પુરવઠા, માર્ગ અને મકાન, GIDC, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન અને આદિજાતિ વિકાસ વિભાગના રૂ.૮૮૮૬ કરોડના વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. વાવ-થરાદ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત ભારત અને ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લાના ખાવડા ખાતે વિશ્વનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી (RE) પાર્ક નિર્માણાધીન છે. આગામી ૩૧ માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખાવડાના ઈઈ પાર્ક માટે ઊર્જા મંત્રાલય હેઠળના ૩ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ (કુલ રૂ.૩૬૪૫ કરોડના ખર્ચે) કરવા જઈ રહ્યા છે. આ પ્રોજેક્ટ્સ દ્વારા હજારો મેગાવોટ રિન્યુએબલ એનર્જીનું રાષ્ટ્રીય ગ્રીડ સાથે અસરકારક જોડાણ સુનિશ્ચિત કરવામાં આવશે. જેના કારણે હરિત ઊર્જાનો વ્યાપ વધશે અને ઊર્જા સુરક્ષા મજબૂત બનશે.

આ ઉપરાંત, ભારત સરકારના માર્ગ, પરિવહન અને હાઈવે મંત્રાલય હેઠળ ઇડર-બડોલી બાયપાસ ફોર લેન રોડ (રૂ.૭૦૫ કરોડના ખર્ચે) અને ધોળાવીરા-મૌવાણા-વોવા-સાંતલપુર સેક્શનનું (રૂ.૫૭૫ કરોડના ખર્ચે) ખાતમુહૂર્ત તેમજ અમદાવાદ-ધોલેરા પેકેજ ૧ રૂ.૧૨૯૮ કરોડના ખર્ચે, પેકેજ ૨ રૂ.૧૪૧૫ કરોડના ખર્ચે, પેકેજ ૩ રૂ.૧૦૩૪ કરોડના ખર્ચે અને પેકેજ ૪નું રૂ.૧૩૫૮ કરોડના ખર્ચે લોકાર્પણ કરવામાં આવશે. ભારત સરકારના રેલવે મંત્રાલયના રૂ.૮૯૧ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવશે, જેમાં હિંમતનગર-ખેડબ્રહ્મા બ્રોડગેજ લાઇન, ગાંધીધામ-આદિપુર વચ્ચે ક્વાડ્રુપલિંગ અને



રાજકોટ-કાનાલુસ ડબલિંગ પ્રોજેક્ટના ભાગરૂપે કાનાલુસ-જામનગર ડબલિંગ જેવા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ખેડબ્રહ્મા-હિંમતનગર-અસારવા ટ્રેનને ખેડબ્રહ્મા ખાતેથી લીલી ઝંડી આપવામાં આવશે. આમ, કુલ મળીને આ ભારત સરકારના આ ત્રણ મંત્રાલયો હેઠળ રૂ.૧૦,૯૨૧ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આગામી ૩૧ માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત સરકારના વિવિધ વિભાગો હેઠળ કુલ રૂ.૮૮૮૬ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમાં શહેરી વિકાસ વિભાગ હેઠળ સૌથી વધુ રૂ.૫૨૯૫.૫ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે. શહેરી વિકાસ વિભાગના આ પ્રોજેક્ટ્સમાં મુખ્યત્વે અમદાવાદ અને ગાંધીનગર ખાતેના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે, જેમાં અમદાવાદ ખાતે ખારીકટ કેનાલનો વિકાસ, અમદાવાદ મહાનગરપાલિકાની BRTS અને AMTS બસ સર્વિસનું મોડર્નાઈઝેશન, હાલના સુભાષબ્રિજને તોડી નાખીને નવા ફોર લેન બ્રિજનું કન્સ્ટ્રક્શન, આર્થિક રીતે પછાત વર્ગો (EWS) માટે રહેણાંક ઘરોનું નિર્માણ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ઓડિટોરિયમ વગેરે જેવા પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. ગાંધીનગર ખાતે આર્થિક રીતે પછાત વર્ગો (EWS) માટે રહેણાંક ઘરોનું નિર્માણ, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગથી અડાલજ TSPS સુધી ખુલ્લા ખોદકામ (લંબાઈ = ૨૪૨૦ મીટર) અને માઈક્રોટનલિંગ (લંબાઈ = ૩૧૮૦ મીટર) દ્વારા ૧૮૦૦ મીમી ગટર ટ્રંક નાખવી, પેથાપુર ખાતે ૧૫ એમએલડી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કન્સ્ટ્રક્શન, રાંધેજા ખાતે ૪ તળાવોનું ઈન્ટરલિંકિંગ અને સ્ટોર્મ વોટર લાઈન નાખવાનું કામ વગેરે જેવા પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

શહેરી વિકાસ વિભાગ ઉપરાંત, ગુજરાત સરકારના જળ સંસાધન, પાણી પુરવઠા, માર્ગ અને મકાન, GIDC, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન, આદિજાતિ વિકાસ તેમજ ગ્રામીણ વિકાસ વિભાગના પણ વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. વધુમાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ગુજરાતના ૩૪ જિલ્લાઓમાં ૩૮,૯૪૯ આવાસોમાં નાગરિકોનો ગૃહપ્રવેશ કરાવશે, જેનાથી રાજ્યના ગ્રામીણ વિસ્તારના નાગરિકો માટે પોતાના ઘરનું સ્વપ્ન સાકાર થશે.

### માર્ચમાં ૨.૯ લાખથી વધુ પીએનજી કનેક્શન અપાયા

# દેશમાં એલપીજી સંકટ વચ્ચે પેટ્રોલ પંપ પર કેરોસીનના વેચાણને મંજૂરી

## કેન્દ્ર સરકારે દરેક જિલ્લામાં બે પેટ્રોલ પંપોને ૫,૦૦૦ લીટર સુધીનું કેરોસીન રાખવા-વેચવાની છૂટ આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ભારતીય ધ્વજવાળા વધુ બે જહાજે સલામત રીતે હોર્મુઝની ખાડી પાર કરી દીધી છે અને તે આગામી કેટલાક દિવસમાં ભારતીય દરિયા કિનારે પહોંચી જવાની શક્યતા છે. આ જહાજો પર દેશની એક-બે દિવસની જરૂરિયાત પૂરી કરે તેટલો એલપીજી લદાયેલો છે. દેશમાં એલપીજીના સંકટનો સામનો કરવા સરકાર અનેક પગલાં લઈ રહી છે ત્યારે લાંબા સમય પછી બજારમાં કેરોસીનનું પુનરાગમન થયું છે. કેન્દ્ર સરકારે પેટ્રોલ પંપો પર કેરોસીનના વેચાણ માટે લાઈસન્સિંગના નિયમોમાં અસ્થાયી છૂટ આપી છે.

દેશમાં કમર્શિયલ એલપીજીની અછત વચ્ચે કેન્દ્ર સરકારે ગેઝેટ નોટિફિકેશન જાહેર કરીને લોકોને કેરોસીન મળી રહે તે માટે પેટ્રોલિયમ સુરક્ષા, લાઈસન્સિંગના નિયમોમાં અસ્થાયી છૂટ આપી છે. જોકે, સરકારે સ્પષ્ટ કર્યું છે કે કેરોસીનનો પૂરવઠો માત્ર ઘરેલુ ઉપયોગ જેમ કે ભોજન બનાવવા અને વીજળીના અભાવે પ્રકાશ ફેલાવવા માટે જ કરી શકાશે.

કેન્દ્ર સરકારે ૨૧ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ૬૦ દિવસ માટે સુપીરિયર કેરોસિન ઓઈલના એડ-હોક પૂરવઠાને મંજૂરી આપી છે, જેથી જનતાએ ઈંધણની અછતનો સામનો કરવો ના પડે. આ ફેરફાર હેઠળ સરકારી ઓઈલ કંપનીઓ દ્વારા સંચાલિત પસંદગીના પેટ્રોલ પંપોને કેરોસિનનો સંગ્રહ કરવાની અને વિતરણ કરવાની મંજૂરી અપાઈ છે. આ પેટ્રોલ પંપો ૫,૦૦૦ લીટર સુધીનું કેરોસીન રાખી શકશે. સરકારે દરેક જિલ્લામાં મહત્તમ બે પેટ્રોલ પંપોને કેરોસીન રાખવાની છૂટ આપી છે. કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાં તબક્કાવાર કેરોસીનનું વેચાણ બંધ કરી દીધું હતું. છેલ્લે ૨૦૨૦માં દિલ્હી, હરિયાણા અને ચંડીગઢમાં કેરોસીનનું વેચાણ બંધ કરીને સરકારે દેશને કેરોસીન મુક્ત જાહેર કર્યો હતો. દરમિયાન ભારતીય ધ્વજવાળા વધુ બે એલપીજી ટેન્કર યુદ્ધગ્રસ્ત હોર્મુઝની ખાડીમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ ગયા છે અને આગામી કેટલાક દિવસમાં ભારતીય બંદરો પર પહોંચી જશે. આ બંને જહાજ ૯૪,૦૦૦ ટન એલપીજી કાર્ગો લઈને આવી રહ્યા છે. એક જહાજ બીડબલ્યુ ટીવાયઆર ૩૧ માર્ચે મુંબઈ પહોંચે તેવી શક્યતા છે જ્યારે બીડબલ્યુ ઈએલએમ ન્યૂ મેંગલોર તરફ જઈ રહ્યું છે, જે એક એપ્રિલે આવે તેવી શક્યતા છે.

હોર્મુઝની ખાડીમાં ૪૮૫ ભારતીય નાવિકો સાથે ભારતીય ધ્વજવાળા હજુ ૧૮ જહાજ ફસાયેલા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એલપીજી કેરિયર જગ વિક્રમ, ગ્રીન આશા અને ગ્રીન સાન્વી હજુ પણ હોર્મુઝની ખાડીમાં છે અને એક ખાલી જહાજમાં એલપીજી ભરાઈ રહ્યો છે.દરમિયાન પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે જણાવ્યું કે, દેશમાં એલપીજી અને પેટ્રોલ-ડીઝલની કોઈ અછત નથી.

# દિલ્હી બોર્ડર પરથી ઝડપાયો લશ્કર-એ-તૈયબાનો આતંકવાદી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુરક્ષા એજન્સીઓએ દિલ્હી બોર્ડર પરથી લશ્કર-એ-તૈયબાના આતંકી શબ્બીર અહમદ લોનની ધરપકડ કરવામાં મોટી સફળતા મેળવી છે. તપાસમાં સામે આવ્યું છે કે, આ આતંકી બાંગ્લાદેશમાં રહીને પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIના ઈશારે લશ્કરનું નવું મોડ્યુલ તૈયાર કરી રહ્યો હતો. દિલ્હી પોલીસ અને સુરક્ષા દળોએ મળેલી ગુપ્ત માહિતીના આધારે જાળ બિછાવીને તેને દિલ્હી બોર્ડર પરથી દબોચી લીધો છે. તે ભારત વિરોધી પ્રવૃત્તિઓ કરવાના મિશન પર હતો.

હાલ એજન્સીઓ તેની પૂછપરછ કરી રહી છે કે દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં તેના અન્ય કેટલા સાથીઓ છુપાયેલા છે.

શબ્બીર અહમદ લોન સુરક્ષા એજન્સીઓ માટે નવું નામ નથી. આ અગાઉ વર્ષ ૨૦૦૭માં દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે તેને AK-47 અને ગ્રેનેડ જેવા ઘાતક હથિયારો સાથે પકડ્યો હતો. તે સમયે પણ તેના તાર સીધા હાફિઝ સઈદ સાથે જોડાયેલા હતા. આ ગુનામાં તે વર્ષ ૨૦૧૮ સુધી દિલ્હીની તિહાર જેલમાં સજા કાપી ચૂક્યો છે. જેલમાંથી બહાર આવ્યા બાદ તે ફરી સક્રિય થયો હતો અને બાંગ્લાદેશને પોતાનું નવું ઠેકાણું બનાવીને ભારત વિરોધી ઓપરેશન હેન્ડલ કરવા લાગ્યો હતો. નોંધનીય છે કે, છેલ્લા કેટલાક દિવસોમાં દિલ્હી અને દક્ષિણ ભારતમાંથી લશ્કરના અન્ય મોડ્યુલનો પણ પર્દાફાશ કરવામાં આવ્યો હતો. આ મોડ્યુલે દિલ્હી અને કોલકાતામાં અનેક જગ્યાએ ભારત વિરોધી પોસ્ટરો પણ લગાવ્યા હતા. આ આતંકીની ધરપકડથી દિલ્હી પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓને મોટી સફળતા મળી છે અને સંભવિત આતંકી ષડયંત્રોનો પર્દાફાશ થવાની શક્યતા છે.

### આખું વિજયવાડા હચમચી ઊઠ્યું!

# ૩૬ વર્ષથી જંગલમાં છુપાયેલા ખૂંખાર નક્સલી કમાન્ડરનું સરેન્ડર

## સુરક્ષા દળોને સફળતાઃ મોટા માઓવાદી કમાન્ડર સુરેશ સહિત ૯ નક્સલીઓએ આત્મસમર્પણ કરી દીધું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વિજયવાડા

નક્સલવાદના ખાતમાની ડેડલાઈન પૂરી થવાના માત્ર ૨૪ કલાક પહેલાં આંધ્રપ્રદેશમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. અહીં મોટા માઓવાદી કમાન્ડર સુરેશ સહિત ૯ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. આંધ્રપ્રદેશના વિજયવાડામાં આત્મસમર્પણ કરનાર ૯ નક્સલીઓમાંથી એકની કહાની ખાસ છે. માઓવાદી કમાન્ડર ચેલ્લુરી નારાયણ રાવ (ઉર્ફે સુરેશ) છેલ્લા ૩૬ વર્ષથી અંડરગ્રાઉન્ડ હતો.

સુરેશ સીપીઆઈ (માઓવાદી)ની સેન્ટ્રલ કમિટીનો સભ્ય અને આંધ્ર-ઓડિશા બોર્ડર સ્પેશિયલ ઝોનલ કમિટીનો સેક્રેટરી પણ હતો.

આત્મસમર્પણ (સરેન્ડર) કરનારા અન્ય ૮ સભ્યોમાં છત્તીસગઢ અને ઓડિશાના પ્લેટૂન કમાન્ડર તેમજ એરિયા કમિટીના સભ્યો સામેલ છે. બધાએ પોલીસ મહાનિર્દેશક (DGP) હરીશ કુમાર ગુપ્તા સમક્ષ આત્મસમર્પણ કર્યું છે.

આંધ્રપ્રદેશ સરકારની 'સરેન્ડર નીતિ' અનુસાર તેમને આ આર્થિક સહાય આપવામાં આવશેઃ (૧) કમાન્ડર સુરેશને ૨૫ લાખ રૂપિયાની રકમ આપવામાં આવશે. (૨) જ્યારે અન્યને તેમની રેંક મુજબ ૧ લાખથી ૫ લાખ રૂપિયા સુધીનું ઈનામ મળશે. (૩) DGPએ તમામ ૯ સભ્યોને તાત્કાલિક રાહત તરીકે દરેકને ૨૦,૦૦૦-૨૦,૦૦૦ રૂપિયા રોકડા આપ્યા છે.

પોલીસે આત્મસમર્પણ કરનાર કમાન્ડર સુરેશ અને અન્ય માઓવાદીઓ વિશે મોટા ખુલાસા કર્યા છે. સુરેશ આંધ્રપ્રદેશ, ઓડિશા અને છત્તીસગઢમાં થયેલા અનેક મોટા માઓવાદી હુમલાઓમાં સામેલ રહ્યો છે. તે ૨૦૧૮માં પૂર્વ ધારાસભ્ય સર્વેશ્વર રાવ અને પૂર્વ ધારાસભ્ય સોમેશ્વર રાવની હત્યાનો મુખ્ય આરોપી પણ હતો.

સુરેશનું નામ પોલીસ ચોપડે ઘાતકી હુમલાઓ (એમ્બુશ)માં પણ જોડાયેલું છે. પોલીસે માઓવાદીઓ પાસેથી ભારે માત્રામાં હથિયારો જપ્ત કર્યા છે, જેમાં 1 INSAS રાઈફલ, 2 BGL હથિયારો, 5 '.303' રાઈફલ્સ, 5 SBBL ગન, ૬ સિંગલ-શોટ રાઈફલ્સ સામેલ છે. સાથે જ મોટી માત્રામાં વિસ્ફોટકો, કારતૂસો પણ જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસ મહાનિર્દેશક હરીશ કુમાર ગુપ્તાએ પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું કે, સાત અલગ-અલગ અથડામણમાં ૮ માઓવાદીઓ માર્યા ગયા છે, જેમાં ૩ ટોચના 'સેન્ટ્રલ કમિટી'ના સભ્યો હતા. પોલીસે ૮૧ માઓવાદીઓની ધરપકડ કરી છે અને ૧૦૬ અન્યોએ આત્મસમર્પણ કર્યું છે. DGPએ પુષ્ટિ કરી છે કે હવે આંધ્રપ્રદેશમાં અંડરગ્રાઉન્ડ માઓવાદી ગતિવિધિઓ 'શૂન્ય' થઈ ગઈ છે.

એક અધિકારીનાં જણાવ્યા અનુસાર સરકારે નકસલવાદ વિરુદ્ધ એકિકૃત, બહુ આયામી અને નિર્ણાયક રણનીતિ અપનાવી છે. જેનું એક ઉદાહરણ રેડ કોરિડોર ક્ષેત્રમાં સડકોનું નિર્માણ છે. એક સમયે આ ક્ષેત્ર પશુપતિથી તિરુપતિ સુધી ફેલાયેલું હતું. જેમાં બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, ઓડિશા, મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશનાં કેટલાક ભાગો સામેલ હતાં જ્યાં કોન્ટ્રાકટરો કામ કરવાનો ઈનકાર કરતાં હતાં.

કેન્દ્ર સરકારે બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ)ને પીપલ્સ લિબરેશન ગુરિલ્લા આર્મી (પીએલજીએ)ના મુખ્ય ક્ષેત્રોમાં સડકો બનાવવાનું કામ સોંપ્યું હતું. જેમાં વિદ્રોહનાં આ વિસ્તારોમાં પાંચ મુખ્ય સડકો અને છ મહત્ત્વપૂર્ણ પુલોનું નિર્માણ સામેલ હતું.

## બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે MLC પદ પરથી આપ્યું રાજીનામું

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે વિધાન પરિષદના સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. સૂત્રોનું માનીએ તો સોમવાર, ૩૦ માર્ચની સવારના ૧૦.૦૦ વાગ્યાની આસપાસ સીએમ નીતીશ કુમારે બિહાર વિધાન પરિષદના સભાપતિ અવધેશ નારાયણ સિંહને પોતાનું રાજીનામું સોંપ્યું હતું. આગામી ૧૩ એપ્રિલ પછી તેઓ મુખ્યમંત્રી પદ છોડે તેવી પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

નીતીશ કુમાર જે અત્યાર સુધી બિહાર વિધાન પરિષદના સભ્ય હતા, તેમણે ૧૬ માર્ચના રોજ યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં જીત મેળવી હતી. નિયમો મુજબ, નીતીશ કુમારે સંસદ માટે ચૂંટાયાના ૧૪ દિવસની અંદર રાજ્ય વિધાનમંડળમાંથી રાજીનામું આપવાનું હતું. હવે સીએમ નીતીશ કુમારના રાજીનામાની સત્તાવાર જાહેરાત થોડી વારમાં કરવામાં આવશે.

નીતીશ કુમારે રાજ્યસભાના સાંસદ બન્યા બાદ MLC પદેથી રાજીનામું આપી દીધું છે. આ પગલાથી હવે તેમના મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવાનો રસ્તો પણ સાફ થઈ ગયો છે. તેઓ ગમે ત્યારે મુખ્યમંત્રી પદ પરથી પણ રાજીનામું આપી શકે છે.આ સ્થિતિમાં, રાજ્ય વિધાનસભા અથવા વિધાન પરિષદના સભ્ય ન હોવાના કિસ્સામાં નીતીશ કુમારે મુખ્યમંત્રી પદ પરથી પણ રાજીનામું આપવું પડશે.




## તંત્રી લેખ......

### ગુજરાતે બહુમતીથી યુસીસી પસાર કર્યું

ગુજરાત વિધાનસભામાં વિગતવાર ચર્ચા પછી, 'ગુજરાત સમાન નાગરિક સંહિતા બિલ, ૨૦૨૬' બહુમતીથી પસાર થયું. આ પગલા સાથે, ગુજરાત ઉત્તરાખંડ પછી બીજું રાજ્ય બન્યું છે, જે ધર્મ પર આધારિત અલગ કાયદાઓને બદલે વ્યક્તિગત બાબતો માટે સમાન કાનૂની માળખું લાગુ કરશે. બિલ મુજબ, લગ્ન સમારોહ ધાર્મિક રિવાજો અનુસાર કરી શકાય છે, પરંતુ તેમની નોંધણી ફરજિયાત રહેશે. નોંધણી કરાવવામાં નિષ્ફળતા પર દસ હજાર રૂપિયા સુધીનો દંડ થશે. પુરુષો માટે લગ્ન માટેની લઘુત્તમ ઉંમર ૨૧ વર્ષ અને સ્ત્રીઓ માટે ૧૮ વર્ષ નક્કી કરવામાં આવી છે. બહુપત્નીત્વ સંપૂર્ણપણે પ્રતિબંધિત છે, અને જીવનસાથી જીવિત હોય ત્યારે બીજા લગ્ન અમાન્ય ગણવામાં આવશે. છૂટાછેડા માટેના કારણો પણ સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે, જેમાં ક્રૂરતા, ત્યાગ, વ્યભિચાર, ધર્માંતરણ અને માનસિક વિકારનો સમાવેશ થાય છે. પરસ્પર સંમતિથી છૂટાછેડા માટેની જોગવાઈ પણ કરવામાં આવી છે, પરંતુ લગ્નના એક વર્ષની અંદર છૂટાછેડાની મંજૂરી આપવામાં આવશે નહીં. લિવ-ઈન સંબંધોને કાયદેસર રીતે માન્યતા આપવામાં આવી છે અને તેમની નોંધણી ફરજિયાત છે. જો પક્ષકારોમાંથી કોઈ એક સગીર હોવાનું જાણવા મળે છે, તો તેમના માતાપિતાને જાણ કરવામાં આવશે. લિવ-ઈન સંબંધોથી જન્મેલા બાળકોને કાયદેસર બાળકો ગણવામાં આવશે, અને સ્ત્રી જીવનસાથીને ભરણપોષણનો અધિકાર આપવામાં આવશે. બંને માતાપિતા માટે બાળકોના ઉછેરની સમાન જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવી છે. તે વારસા અને મિલકત વિભાગમાં સંપૂર્ણ લિંગ સમાનતા પણ લાગુ કરે છે, વિવિધ વ્યક્તિગત કાયદાઓમાંથી ઉદ્ભવતી અસમાનતાઓને દૂર કરવાનો પ્રયાસ કરે છે.

આ કાયદો સમગ્ર ગુજરાતમાં લાગુ થશે અને રાજ્યની બહાર રહેતા મૂળ ગુજરાતીઓને પણ લાગુ પડશે. તે એવા વ્યક્તિઓને પણ આવરી લે છે જેઓ છેલ્લા દસ વર્ષથી સતત ગુજરાતમાં રહે છે અથવા રાજ્ય અથવા કેન્દ્ર સરકારમાં નોકરી કરે છે. જો કે, અનુસૂચિત જનજાતિના સભ્યોને તેમના પરંપરાગત રિવાજો અને સાંસ્કૃતિક ઓળખની જાળવણી સુનિશ્ચિત કરવા માટે આ કાયદામાંથી મુક્તિ આપવામાં આવી છે. તે બળજબરીથી લગ્નોને દંડ કરે છે અને હલાલા જેવી પ્રથાઓને સ્પષ્ટપણે પ્રતિબંધિત કરે છે. આ કાયદાના અમલીકરણની સૌથી નોંધપાત્ર અસર લિંગ ન્યાયના ક્ષેત્રમાં જોવા મળશે. હવે તમામ સમુદાયોની મહિલાઓને મિલકત, વારસો અને ભરણપોષણના મામલામાં સમાન અધિકારો મળશે. લિવ-ઈન સંબંધોમાં આર્થિક સુરક્ષા તેમની સ્થિતિને મજબૂત બનાવશે અને બાળકોના અધિકારોનું રક્ષણ કરશે. ધર્મ પર આધારિત કાનૂની ભેદભાવ દૂર કરવાથી સામાજિક સંવાદિતાને પ્રોત્સાહન મળશે.

આંતરધાર્મિક લગ્નો વધુ સુલભ બનશે, અને મિલકતના વિવાદોમાં જટિલતાઓ ઓછી થવાની સંભાવના છે. કાનૂની પ્રક્રિયા પણ નોંધપાત્ર રીતે સરળ બનાવવામાં આવશે. કોર્ટ પરનો ભાર ઓછો થશે, કારણ કે હવે વિવાદો એક જ કાનૂની માળખા હેઠળ ઉકેલી શકાય છે. આ ન્યાય વિતરણને વધુ ઝડપી, પારદર્શક અને અસરકારક બનાવશે. કૌટુંબિક બાબતોમાં મુકદ્દમાની સંખ્યામાં ઘટાડો થવાથી સામાજિક સ્થિરતા પણ મજબૂત થશે. આર્થિક દ્રષ્ટિકોણથી, મિલકતના વિવાદોમાં ઘટાડો થવાથી વેપાર અને રોકાણ માટે વધુ અનુકૂળ વાતાવરણ પણ બનશે.

સરકારે હવે આ કાયદાને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે ઘણા નક્કર પગલાં લેવાની જરૂર પડશે. પ્રથમ, એક મજબૂત ડિજિટલ નોંધણી પ્રણાલી વિકસાવવી પડશે. ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં વ્યાપક જાગૃતિ અભિયાન શરૂ કરવું પડશે. તાલીમ પામેલા અધિકારીઓની નિમણૂક કરવી અને ન્યાયિક કર્મચારીઓને નવી જોગવાઈઓથી પરિચિત કરવા પણ એટલું જ મહત્વપૂર્ણ છે. તબક્કાવાર અમલીકરણ સંભવિત પડકારોને વધુ સારી રીતે સંબોધિત કરશે. જાહેર વિશ્વાસ બનાવવા માટે સતત સંવાદ અને જોડાણ પણ જરૂરી રહેશે.

# નિડર, નિષ્પક્ષ અને તટસ્થ શહેરમાં મહાકાલ ગ્રુપનું સિન્ડીકેટ કોણ ચલાવી રહ્યું છે?

## આ કહેવાતા મહાકાલ ગ્રુપના સિન્ડીકેટમાં કોણ કોણ છે? અને તેમની ભૂમિકા શું છે? એની ગંભીરતા પૂર્વક તપાસ કરાવવી જરૂરી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાતનું મીની ભારત કહેવાતું સુરત શહેર વિવિધતામાં એકતા સમાન છે. જ્યાં દરેક પ્રાંતના લોકો આવીને શહેરના વિવિધ સ્થળોએ વસવા લાગતા શહેરની વસ્તીમાં પણ વધારો થતાં જમીનોના ભાવ ઊંચકાવા લાગ્યા અને એનો ગેરલાભ ઉઠાવીને કેટલાક ખંધા બિલ્ડરોએ મહાકાલ ગ્રુપના વકીલો કે જેઓ કોર્ટમા પ્રેક્ટીસ કરતાં નથી તેઓ મારફતે કોઠા કબાડાની કરોડોની જમીનો તેઓના ટેબલ ઉપરથી નિકાલ કરાવતા હોય છે.

ત્યારે આજે પણ મોટી ઉંમરના વકીલો તેઓનું ગુજરાન ચલાવવા માટે વ્હીલચેરમાં આવી પ્રેક્ટીસ કરવાની ફરજ પડી છે. અને તેઓ જિંદગીભર વકીલાત કરતાં કરતાં માંડ માંડ ઘર કે નાની ઓફિસ કે એક ફોરવ્હીલ વસાવી શકયા છે. જેની સામે કેટલાક વકીલો સનદ લઈ કોઈપણ દિવસ કોર્ટમા કોઈ કેસ માં હાજર રહ્યા નથી તેમ છતાં કોઠા કબાડા કરી તેઓના વકીલ મારફતે જજ સાથે અમુક જ જજની બેન્ચ આવે તો જ કેસ મૂકવો. આમ આવા વકીલો ટૂંક સમયમાં કોઠા કબાડા કરી આલીશાન ઓફિસો,લકઝરીયસ ગાડી બંગલા બનાવી બેઠા છે. આવા વકીલો ઓફિસમાં બેઠા બેઠા જ મોટા મોટા કેસોના નિકાલ કરાવતા હોય છે. તેમની ઓફિસે કહેવાતા માથાભારે અને નામચીન રીઢા અસામાજિક તત્વોને બેસાડી રાખતા હોય છે. મોટા-મોટા ખેડૂત ખેતીના ધંધા કરતાં જેઓની સાથે આવા વકીલો પોલીસ સાથેની સાઠ-ગાઠ અને અધિકારીઓના મેળાપીપણામાં મોટા ખેડૂત એવા રાજુગીજુ ઉપર એટ્રોસીટી અને અન્ય કેસો કરાવી તેઓને જેલમાં મોકલાવ્યા છે. આવા વકીલોને ત્યાં શહેરના મોટા-મોટા બિલ્ડરો સવાર-સાંજ હાજરી પુરાવતા હોય છે. અને તેઓ ખેડૂતો સાથેની જમીનો ના કેસોમાં તેઓને અસામાજિક તત્વો કે પોલીસ ધ્વારા ફોન કરાવી તેઓ ઉપર ધમકી અપાવે છે. જે વકીલો વર્ષો સુધી પ્રેક્ટીસ કરવા છતાં તેઓની ઓફિસ લકઝરીયસ હોતી નથી. જ્યારે આવા કોર્ટમા પ્રેક્ટીસ ના કરતાં તોડબાજ વકીલો તેઓની લકઝરીયસ ઓફિસો ધરાવે છે. અને પ્રેક્ટીસ કર્યા વગર આ વકીલો મોજ કરે છે. અને તેઓના મોટા ફાર્મ હાઉસમા મોટી-મોટી પાર્ટીઓ થતી હોય છે. આવી પાર્ટીઓમા મોટા-મોટા IPS અને IAS અધિકારીઓ હાજર રહેતા હોય છે. રાજકારણીઓના આશીર્વાદથી મહાકાલ ગ્રુપ ધ્વારા મહેસૂલ અધિકારીઓ, પોલીસ અધિકારીઓને કયાં પોસ્ટિંગ આપવું તે શહેરમા બનેલ મહાકાલ ગ્રુપ નામની સિન્ડીકેટ નક્કી કરે છે. આ સિન્ડીકેટમા મોટા ભાગના માથાભારે તત્વો હોય છે. આ ગ્રૂપના સભ્યો ધ્વારા ઈક્મટેક્ષ રેડ કયા બિલ્ડરો કે ઉધોગપતિઓ ને ત્યાં રેડ કરાવી કે સમાધાન કરાવવું વિગેરે આ ગ્રુપના સભ્યો ધ્વારા કરાવવામા આવતી હોય છે. મહેસૂલ ખાતાના તેઓના મળતિયા અધિકારીઓ સુરત શહેરમા રાજકારણીના આશીર્વાદ થી તેઓની બદલી કરાવીને લાવવામાં આવતા હોય છે. કરોડો રૂપિયાની જમીનો આવા વકીલો કિંમત નક્કી કરી માથાભારે ઈસમોના સહારે અને તેઓ ધ્વારા ધમકીઓ અપાવી પડાવી લેતા હોય છે. હાલમા મંત્રી મંડળ ના કેબિનેટ મંત્રીના મહાકાલ ગ્રુપ ઉપર ચાર હાથ છે. તેવી સ્થાનિક લોકોમા ચર્ચા નો વિષય છે. સુરત મા રાજુગીજુ અલથાણ ગામના મોટા ખેડૂતની ૭૩છછ ની જમીન અંગે તેઓ વિરુધ્ધ એટ્રોસીટીના ગુના દાખલ કરી તેઓ સાથે પરિવારના સભ્યો ને ત્રાસ ગુજારવામાં આવ્યો અને તેઓને જેલમા પણ જવું પડયું. તેઓ માનસિક અને આર્થિક ત્રાસના કારણે બીમારીનો ભોગે અવસાન પામેલા. આવા મોટા મોટા ખેડૂત સાથે જો આવું થતું હોય તો સુરત જિલ્લાના નાના ખેડૂતો કહેવાતા વકીલોના ફાર્મહાઉસ ખરેખર તો અસામાજિક તત્વોના હોય છે. અને ત્યાંથી બિલ્ડરોને પ્રોટેકશન મળતું હોય છે. ટેક્ષટાઈલ માર્કેટ અને ડાયમંડ ઉદ્યોગમા ઉચાપત(ઉઠમણું) કરનારાઓને તેઓની મંડળી ધ્વારા પ્રોટેકશન આપવામાં આવે છે.

બિલ્ડરો માર્કેટમાંથી પૈસા લીધા હોય અને તે ચૂકવવા ના પડે તે માટે પણ પ્રોટેકશન પૂરું પાડતા હોય છે. પોલીસથી બચાવવા માટે તેઓને ફાર્મહાઉસમા આશરો આપવામાં આવતો હોય છે. અને આમાં પોલીસની પણ મિલી ભગત હોય છે. એટ્રોસીટીના કેસના બહાને રાજુગીજુ પાસેથી જે તે સમયના અધિકારીઓ ધ્વારા કરોડો રૂપિયા ખંખેરી લેવામાં આવ્યા હતા. મહાકાલ ગ્રુપની એક સિન્ડીકેટ બનાવવામા આવેલી તેમાં ૨૫ થી ૩૦ માણસોનું ગ્રુપ હતું જેમાં નિવૃત્ત પોલીસ અધિકારીઓ,મહેસૂલ ખાતા ના અધિકારીઓ, અસામાજિક તત્વો, એડવોકેટ, લાઈઝેનીંગ કરનારા ઈસમો આવા વકીલો પોતે કોઈ પ્રેક્ટીસ કરતાં નથી અને તેઓ કયો કેસ કયા જજની બેન્ચમા મૂકવો તે નક્કી કરે છે. અને તેમના કેસ લડતા વકીલોને વિશ્વાસ પૂર્વક ડિસ્ટ્રીકટ કોર્ટ કે હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટમા જે જજ ની બેન્ચમા કેસ જશે ત્યા જીતી જ જશે તો આવા વકીલો કોઈપણ પ્રકારની પ્રેક્ટીસ વગર કરોડો રૂપિયા કમાઈ રહ્યા છે. જેથી આવા વકીલો ખરેખર પ્રેક્ટીસ કરતાં જ નથી તો તેઓના નામ બાર કાઉન્સીલમાંથી રદ કરવા જોઈએ. એસી ઓફિસમા બેઠા-બેઠા પોતાની મેળાપીપણામા કેસ લડતા હોય છે. અને કેસ જીતવાની ખાતરી આપી પૈસા પડાવતા હોય છે. આવા વકીલોના સીબીઆઈ ધ્વારા તપાસ કરાવવી જોઈએ. તેમજ તેમના ઓફિસોના ટેબલો ઉપર પડી રહેલ કોઠા કબાડાની ફાઈલોની પણ ચકાસણી થવી જોઈએ. મહાકાલ ગ્રુપના સિન્ડીકેટ સભ્યોની નાનામા નાની વિગતો મેળવી તેઓની વિરુધ્ધ પણ કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. કેટલાક પોલીસ અધિકારીઓ અને મહેસૂલ અધિકારીઓ બદલી થઈ ને આવે ત્યારે તેઓને રહેવા-જમવા તેમનો પરિવાર ના આવે ત્યાં સુધી મહાકાલ ગ્રુપ વ્યવસ્થા પૂરી પાડતું હોય છે. મહાકાલ ગ્રુપમા પણ જુદા-જુદા સભ્યો ની કામગરીની વહેંચણી હોય છે. જેમાં કેટલાક કર્મચારી/અધિકારીઓની બદલી કરવાના કામ કરતાં હોય છે. તેમજ ઈક્મટેક્ષની રેડ વિગેરે પણ આ મહાકાલ ગ્રુપની માહિતીથી કરાવવામા આવે છે. આવા તમામની વિગતો જાહેર કરવામાં આવશે.

# પતિ એ જ ખુદ કહ્યું કે મારી પત્નીના ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી સાથે જ અનૈતિક સંબંધો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણ અને સહકારી ક્ષેત્રમાં ગરમાવો લાવી દે તેવી એક ઘટના બહાર આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. વડોદરા ના ગોત્રી વિસ્તારમાં રહેતા એક વ્યકિતએ પોતાની પત્ની અને રાજયના પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરી વચ્ચે અનૈતિક સંબંધો હોવાના ગંભીર આક્ષેપો કરતા હડકંપ મચી જવા પામ્યો છે. એટલુ જ નહી, આ વ્યકિતએ પોતાની પત્ની અને રાજયના પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરીના સંબંધોના આક્ષેપ સાથે કોર્ટના દ્વાર ખખડાવ્યા છે. આ મામલે કોર્ટના આદેશ બાદ અટલાદરા પોલીસે શહેરની પ્રતિષ્ઠિત ગણાતી વિન્શ્યોર (વિયોર) સ્કુલના સંચાલક અને બાળકોની માતા વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

આ ઘટનામાં મળતી માહિતી અનુસાર ગોત્રી વિસ્તારમાં રહેતા ૪૪ વર્ષીય વ્યકિતના વર્ષ ૨૦૧૧ માં લગ્ન થયા હતા. અને ૧૫ વર્ષના લગ્ન જીવન દરમિયાન તેમને બે પુત્રીઓ જન્મી છે.છેલ્લા કેટલાક સમયથી દંપત્તી વચ્ચે ઝઘડો ચાલતો હોવાથી મામલો કોર્ટમાં પહોચ્યો હતો. હાલ બાળકોની કસ્ટડી માતા પાસે છે, બાળકોના જન્મના દાખલામાં પાસપોર્ટ માં તથા સ્કુલમાં અભ્યાસ કરવા માટે મુકયા હતા. ત્યારે તેમના નામ પાછળ પિતાનુ નામ લખેલુ હતું. પરંતુ પતિનો મુખ્ય આક્ષેપ છે કે પિતા હયાત હોવા છતાં અને કોઈપણ કાયદાકીય પ્રક્રિયા કે સરકારી ગેઝેટ વગર જ શાળાના રેકોર્ડમાં થી પિતાનુ નામ અને અટક કમી કરીને માતા નુ નામ ચડાવી દેવામાં આવ્યુ છે.

આ ઘટનામાં ફરીયાદીએ પોતાની એફઆઈઆર માં કરવામાં આવેલા સૌથી ચોંકાવનારો આરોપ લગાવ્યો છે કે તેમની પત્નીને પૂર્વ




ગૃહમંત્રી વિપુલ ચૌધરી સાથે અનૈતિક સંબંધો છે. તેની પત્ની ઉત્તર ગુજરાતની એક સહકારી મંડળી સાથે જોડાયેલી છે. આક્ષેપ છે કે પત્ની અને રાજકીય-સહકારી અગ્રણીઓએ મળીને મંડળીમાં નાણાંકીય કૌભાંડ પણ આચર્યુ હતું. જેમાં અગાઉ રાજકીય અગ્રણીની ધરપકડ પણ થઈ ચુકી છે. ફરીયાદીએ વધુમાં જણાવ્યુ હતુ કે જો આવી રીતે શાળાઓ મનસ્વી રીતે પિતાના નામ બદલી નાખે તો પૈસાના જોરે રોહિગ્યાઓને પણ ભારતીય બનાવી દેવામાં આવશે. કોર્ટના આદેશ થી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરીયાદ માં કરેલા આક્ષેપ પ્રમાણે ફરીયાદીની પત્ની ઉત્તર ગુજરાતની મંડળી સાથે જોડાયેલી હતી. આ મંડળીમાં કૌભાંડની યોજના ઘડાઈ હતી. જેમાં પત્ની તથા રાજકીય તેમજ સહકારી અગ્રણીએ રૂપીયામાં કૌભાંડો કર્યા હતા. આ મામલે ઉત્તર ગુજરાતમાં પોલીસ પણ સક્રિય થઈ હતી. રાજકીય અગ્રણીની ધરપકડ થઈ હોવાનો આક્ષેપ કર્યો હતો.

પતિ એ પત્ની પર કરેલા આક્ષેપથી હડકંપ મચી જવા પામ્યો છે. પોલીસે આ ઘટનામાં દખલગીરી કરીને બીલ વિસ્તારમાં આવેલી વિન્શ્યોર સ્કુલના માલીક અને સંચાલકો વિરૂધ્ધ વિશ્વાસઘાત અને ખોટા દસ્તાવેજો બનાવવાની કલમો હેઠળ ગુન્હો નોંધાયો છે.

અત્રે જણાવી દઈએ કે કાયદા મુજબ કોર્ટના ઓર્ડર કે ગેઝેટ વગર પિતાનુ નામ બદલી શકાય નહી. ફરીયાદીએ શિક્ષણ વિભાગમાં પણ રજુઆત કરી હતી. જયાં અધિકારીઓએ સ્વીકાર્યુ હતુ કે શાળા ને નામ બદલવાની સત્તા નથી, જો કે સ્કુલ સી બી એસ ઈ સંલગ્ન હોવાથી ગુજરાત બોર્ડ મર્યાદીત કાર્યવાહી કરી શકયુ હતું.

ઉત્તર ગુજરાતની શાળામાંથી લીવીંગ સર્ટીફીકેટ મળ્યા પહેલા જ વડોદરાની સ્કુલે એડમીશન કેવી રીતે આપ્યુ તે પણ એક મોટો સવાલ ઉભો થઈ રહ્યો છે.

કોર્ટના હુકમ બાદ અટલાદરા પોલીસે આ મામલે ગંભીરતા દાખવી છે. પિતાનુ નામ કમી કરવા પાછળ કયા દસ્તાવેજોનો ઉપયોગ થયો અને તેમાં શાળા સંચાલકોની કેટલી મીલીભગત છે તેની જીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે. હાઈ પ્રોફાઈલ રાજકીય નેતાનુ નામ સંકળાયેલુ હોવાથી આ કેસ સમગ્ર રાજયમાં ચર્ચાનુ કેન્દ્ર બન્યો છે.

## આનંદનગરમાં ક્રિકેટ રમતા બાળકોના ઝઘડામાં વાલીઓ બાખડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના આનંદનગર વિસ્તારમાં રવિવારે (૨૯ માર્ચ) રાત્રે બાળકોની રમત જેવી નજીવી બાબતે વાલીઓ વચ્ચે મરામારી થઈ હતી. સ્કારલેટ સોસાયટીમાં ક્રિકેટ રમતા બાળકોના ઝઘડામાં મોટાઓ કૂદી પડતા મામલો બિચક્યો હતો. આ ઘટનામાં એક પક્ષે બહારથી હથિયારધારી માણસો બોલાવી સોસાયટીમાં મારામારી અને મહિલાની છેડતી કરી હોવાના ગંભીર આક્ષેપો થયા છે.

મળતી માહિતી અનુસાર, આંનંદનગર વિસ્તારમાં સ્કારલેટ સોસાયટીમાં રાત્રે બાળકો ક્રિકેટ રમી રહ્યા હતા ત્યારે તેમની વચ્ચે બોલાચાલી થઈ હતી. સોસાયટીના રહીશ કુણાલ શાહ બાળકોને છોડાવવા ગયા હતા, તે દરમિયાન અન્ય એક વ્યક્તિ કૃણાલસિંહ ચુડાસમા ત્યાં આવી પહોંચ્યા હતા. બાળકોની વાતને લઈને બંને વાલીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી, જે જોતજોતામાં હિંસક મારામારીમાં ફેરવાઈ ગઈ હતી.

## કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં જોડાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં આગામી સમયમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ કચ્છ જિલ્લાના રાજકારણમાં મોટો ઉલટફેર જોવા મળી રહ્યો છે. જિલ્લાના અબડાસા વિસ્તારમાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. નલીયા ખાતે ભાજપના ચુંટણી પ્રવાસ દરમિયાન કોંગ્રેસના ૨૦૦ થી વધુ સક્રિય કાર્યકરો અને આગેવાનોએ કેસરીયો ધારણ કરી ભાજપમાં જોડાયા છે.

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણીઓ નજીક છે ત્યારે



આટલી મોટી સંખ્યામાં કાર્યકરોનુ પક્ષ પરીવર્તન કોંગ્રેસ માટે ચિંતાનો વિષય બન્યુ છે. ભાજપના પ્રદેશ કક્ષાના આગેવાનોની હાજરીમાં આ તમામ કાર્યકરોને પક્ષનો ખેસ પહેરાવી વિધિવત રીતે આવકારવામાં આવ્યા હતા. ભાજપના મતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસ કાર્યોથી પ્રભાવિત થઈને આ લોકો જોડાયા છે. ઐતિહાસિક રીતે જોવામાં આવે તો અબડાસા વિસ્તાર હંમેશા કોંગ્રેસનો મજબુત ગઢ ગણાય છે. જો કે ચુંટણી અગાઉ જ અગ્રણી આગેવાનોએ પક્ષ બદલાતા હવે રાજકીય સમીકરણો સંપૂર્ણપણે બદલાઈ ગયા છે. આ પક્ષ પલ્ટાથી સ્થાનિક સ્તરે રાજકીય હલચલ તેજ બની છે. અને વિરોધ પક્ષના સંગઠનમાં મોટુ ભંગાણ પડયુ છે. રાજકીય વિશ્લેષકોનુ માનવુ છે કે આટલી મોટી સંખ્યામાં કાર્યકરોનુ ભાજપમાં જોડાવવુ એ આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ભાજપને સીધો ફાયદો કરાવી શકે છે. તો બીજી તરફ કોંગ્રેસે પોતાનો ગઢ બચાવવા માટે હવે નવા વ્યુહ અપનાવવા પડશે.

## કથિત પત્રકાર અને ડીસીપી બાંગરવા વિવાદમાં આવ્યો નવો વળાંક: મેડીકલ રીપોર્ટમાં આક્ષેપો ખોટા નિકળ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટમાં થોડા દિવસથી કથિત પત્રકારને માર મારવા અંગેના પોલીસ પર ગંભીર પ્રકારના આક્ષેપો લાગી રહ્યા છે. જેમાં ડીસીપી ક્રાઈમ બાંગરવા એ ગુદા માર્ગ માં પેટ્રોલ છાંટયાના આરોપો લાગતા વાતાવરણ તંગ બન્યુ હતું. જો કે ગઈ કાલે આવેલ તબીબી રીપોર્ટ માં ગુદા માર્ગ માં પેટ્રોલનુ ઈન્જેકશન આપ્યા નો કે અંદર દાખલ કર્યાનુ તપાસમાં ફલીત ન થતા પોલીસ માટે રાહતના સમાચાર આવ્યા છે. અઠવાડીયા અગાઉ એક કોળી યુવક સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ થયો હતો. જેમને હોસ્પીટલના બીછાનેથી તેમને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ ઉઠાવી ક્રાઈમ બ્રાન્ચની ઓફીસે લઈ ગયા હતા. જયાં ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને તેની ટીમે તેના કપડા કાઢી નગ્ન કરી બેફામ માર માર્યો હતો. અને પાઈપ પર લટકાવી ગુદા માર્ગે પેટ્રોલ છાંટયાનો પણ ગંભીર આક્ષેપ લગાવતા સનસની મચી ગઈ હતી. અને સાથે સાથે રાજકારણ પણ ગરમાયુ હતું. ત્યારે ગઈ કાલે આવેલ તબીબી રીપોર્ટ માં મોટો ઘટસ્ફોટ થયો હતો. જેમાં દર્દીએ તારીખ ૨૮/૩/૨૦૨૬ બપોરે ૧૨ કલાકે આપેલ વિગતમાં તેના પર પ્લાસ્ટીકની બોટલનો ઉપયોગ કરીને પેરીએનલ વિસ્તાર (ગુદાની આસપાસનો ભાગ) પર પેટ્રોલ છાંટવામાં આવ્યુ હતું. ત્યારબાદ તબીબી તપાસમાં ગુદા માર્ગ અથવા મળાશયમાં પેટ્રોલનુ ઈન્જેકશન આપ્યાનો કે અંદર દાખલ થયુ નથી, તેમજ મળાશયમાંથી રકતસ્ત્રાવના કોઈ પુરાવા નથી, જે તબીબી રીપોર્ટ થી પોલીસને રાહત મળી છે.

# ગુજરાતમાં ૬ વખત ધારાસભ્ય રહી ચુકેલા મધુ શ્રીવાસ્તવની બંને પુત્રીઓ કોંગ્રેસમાં જોડાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવવાના છે. મુલાકાત બાદ ૧૫ મ્યુનિસીપલ કોર્પોરેશન સહિત ૩૮૩ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓની જાહેરાત થવાની ધારણા છે.

૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી માટે સેમીફાઈનલ તરીકે જોવામાં આવતી આ ચુંટણીઓમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ભાજપ સામે ટકકર આપી રહી છે. ભાજપ ચુંટણીની તૈયારીમાં વ્યસ્ત છે, પરંતુ વડોદરામા તેને ધોબી પછાડનો સામનો કરવો પડી રહ્યો છે.

ગયા અઠવાડીયામાં ૬ વખતના ધારાસભ્ય રહી ચુકેલા મધુ શ્રીવાસ્તવની બે પુત્રીઓ સાથે ભાજપની ટીકીટ પર જીતેલા બે કાઉન્સિલરો પણ કોંગ્રેસમાં જોડાયા છે. આનાથી સવાલ એ ઉભો થાય છે કે શું વડોદરા શહેર ભાજપમાં બધુ બરાબર છે ? ભાજપે એક વર્ષ અગાઉ વડોદરા શહેર ભાજપમાં જુથવાદનો અંત લાવવા માટે એક મોટો પ્રયાસ હાથ ધર્યો હતો. પાર્ટીએ ૪૦ થી વધુ અન્ય રીઝયુમ ને બાયપાસ કરીને સેન્ટ્રલ યુનિર્વસિટી ઓફ ગુજરાત ના ડે.રજીસ્ટ્રાર તરીકે સેવા આપતા ડો. જયપ્રકાશ સોનીને શહેર પ્રમુખ તરીકે નિયુકત કર્યા હતા. સોનીના કાર્યકાળના પ્રથમ વર્ષ પછી , તેમની પહેલી કસોટી મ્યુનિસીપલ ચુંટણીઓ હશે, જયાં તેમના માટે ભુતપૂર્વ શહેર પ્રમુખ ડો. વિજય શાહ નો રેકોર્ડ જાળવી રાખવાનો પડકાર છે. પરંતુ જે રીતે પાર્ટીએ પોતાના બે કાઉન્સિલરો ગુમાવવાને



કારણે નબળી પડી ગયેલી કોંગ્રેસ પાર્ટી શહેરમાં મજબુત બનતી જોવા મળી રહી છે.

૨૦૨૧ ની મ્યુનિસીપલ ચુંટણીઓમાં ભાજપે વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં કોગ્રેસને ૭ બેઠકો સુધી મર્યાદીત કરી દીધી હતી. વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં કુલ ૭૬ બેઠકો છે. જયાં ભાજપે ૬૯ બેઠકો જીતી હતી. કોર્પોરેશનમાં અડધી બેઠકો મહિલાઓ માટે અનામત છે. ભાજપે પાટણના વતની જય પ્રકાશ સોનીને શહેર પ્રમુખ તરીકે નિયુકત કર્યા છે. આ અગાઉ પાર્ટીએ ૨૦૨૪ માં વધુ મહત્વપૂર્ણ પ્રયોગ કરવાનો પ્રયાસ કર્યો હતો.

પાર્ટીએ રાજકારણમાં નવા આવેલા ડો. હેમાંગ જોશી ને સીધા જ પોતાના સાંસદ તરીકે ચુંટયા, મ્યુનિસીપલ ચુંટણીઓમાં હરણી બોટ ઘટનાના પડઘા વચ્ચે, મધુ શ્રીવાસ્તવની પુત્રીઓ દિપા અને નિલમ ના કોંગ્રેસ પક્ષમાં પ્રવેશનુ પરીણામ શું આવશે ? બધાની નજર આ પર છે. નીતિન નબીન રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદ રાજકીય વર્તુળોમાં ચર્ચા હતી કે મધુ શ્રીવાસ્તવ ભાજપમાં પાછા ફરી શકે છે, ઉત્તર પ્રદેશના હમીરપુરથી પૂર્વજોના સંબંધ ધરાવતા મધુ શ્રીવાસ્તવ પણ કાયસ્થ છે. જો કે મધુ શ્રીવાસ્તવ ભાજપમાં પાછા ફર્યા ન હતા. પરંતુ તેમની પુત્રીઓ કોંગ્રેસ પાર્ટીમાં જરૂર જોડાઈ ગઈ હતી.

આ એવા સમયે આવ્યુ છે જયારે ભાજપના હાંકી કાઢવામાં આવેલા ભુતપૂર્વ કાઉન્સિલર આશિષ જોશી પહેલા થી જ ભાજપ માટે ગંભીર પડકાર ઉભો કરી રહ્યા છે. મધુ શ્રીવાસ્તવ વડોદરામાં ઉત્તર ભારતીયોમાં ખુબ લોકપ્રિય છે.

આ એવા સમયે થયુ છે, જયારે વડોદરાનુ રાજકારણ પહેલેથી જ જોશી વિરૂધ્ધ જોશી નો મુકાબલો છે. ભાજપ પાસે સાંસદ હેમાંગ જોશી છે, જયારે કોંગ્રેસ પાસે શહેર પ્રમુખ ઋત્વીક જોશી છે. થોડા દિવસો અગાઉ હાંકી કાઢવામાં આવેલા કાઉન્સિલર આશિષ જોશી કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ ચુકયા છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ગીર સોમનાથ સર્કિટ હાઉસનું સંચાલન ખાનગી કંપનીને સોંપાયું: રૂ.૨ હજાર થી રૂ.૨૮૦૦ ભાડુ લેવાતુ હતુ તેમાં હવે થશે વધારો




પ્રતિનિધિ,ગાંધીનગર

ગીર સોમનાથ જિલ્લામાં આવતા યાત્રીકો અને મહાનુભાવો માટે આકર્ષણનુ કેન્દ્ર બનેલા અત્યાધુનિક સર્કિટ હાઉસના વહિવટમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. રાજય સરકાર દ્વારા આ આલીશાન સર્કિટ હાઉસના સંચાલનની જવાબદારી હવે એક ખાનગી કંપનીને સોંપવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિર્ણયના અમલીકરણ સાથે જ પ્રવાસીઓના ખિસ્સા પર ભાર વધ્યો છે. કારણ કે સુવિધાઓની સાથે રૂમ ભાડામાં પણ મોટો વધારો કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગીર સોમનાથ ખાતે દરીયા કિનારે અંદાજે ૧૫ હજાર સ્કવેરફુટ વિસ્તારમાં આ સર્કિટ હાઉસનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. આ ભવન પાછળ સરકાર દ્વારા આશરે ૩૦ કરોડ રૂપીયાનો માતબર ખર્ચ કરવામાં આવ્યો હતો. તેની ભવ્યતા અને લોકેશનને કારણે તે હંમેશા ચર્ચામાં રહ્યુ છે. જો કે આટલા મોટા પ્રોજેકટના નિભાવ અને મેન્ટેનન્સ પાછળ થતો ખર્ચ સરકારી તીજોરી પર ભારણ વધારી રહ્યો હોવાનુ જણાતા આખરે તેને ખાનગી ધોરણે ચલાવવાનો નિર્ણય લેવાયો છે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ સર્કિટ હાઉસના સંચાલનની જવાબદારી મેક વે નામની ખાનગી એજન્સીને સોંપવામાં આવી છે. અત્યાર સુધી આ ભવનનુ સંચાલન સરકારી વિભાગ હસ્તક હતું. પરંતુ હવે હાઉસકિંપીંગ થી લઈને બુકીંગ સુધીની તમામ પ્રક્રિયા આ ખાનગી કંપની સંભાળશે. મેન્ટેનન્સ નો ખર્ચ નિકળતો ન હોવાથી વહિવટી પ્રક્રિયાને વધુ સુગમ અને આધુનિક બનાવવા માટે આ પબ્લીક / પ્રાઈવેટ પાર્ટનરશીપ જેવો અભીગમ અપનાવવામાં આવ્યો છે.

ખાનગી કંપનીના આગમન સાથે જ પ્રવાસીઓ માટેના દર માં મોટો તફાવત જોવા મળ્યો છે. અગાઉ આ સર્કિટ હાઉસમાં એક રૂમનુ ભાડુ અંદાજે ૨ હજાર થી ૨૮૦૦ રૂપીયા સુધી વસુલવામાં આવતુ હતું. જો કે હવે ખાનગી સંચાલન હેઠળ રૂમનુ શરૂઆતનુ ભાડુ જ ૪૨૦૦ રૂપીયા કરી દેવામાં આવ્યુ છે. આ ભાવવધારાને કારણે સામાન્ય પ્રવાસીઓ અને સરકારી કામકાજ અર્થે આવતા લોકોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. વહિવટી તંત્રનુ માનવુ છે કે ખાનગીકરણથી સુવિધાઓમાં નોધપાત્ર સુધારો થશે અને ભવનની જાળવણી લાંબા સમય સુધી જળવાઈ રહેશે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો ધમધમાટ: આવતીકાલે ૧ એપ્રિલે અંતિમ મતદાર યાદી પ્રસિધ્ધ કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત રાજય ચુંટણી આયોગ દ્વારા રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની આગામી સામાન્ય અને પેટા ચુંટણીઓને લઈ આદેશ કર્યો છે કે મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ અને પંચાયતો માટેની આખરી મતદાર યાદી આગામી ૧ એપ્રિલ ૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ કરવાની રહેશે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ભણકારા વાગી રહ્યા છે. ત્યારે આગામી ગણતરીના દિવસોમાં ચુંટણીની જાહેરાત થવાની શકયતાઓ વહેતી થઈ છે. ગુજરાતની ૧૫ મહાનગર પાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો, ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચુંટણી તથા નગરપાલિકાઓની ખાલી પડેલી બેઠકો ની પેટા ચુંટણી માટે ધમધમાટ શરૂ થયો છે. રાજય ચુંટણી આયોગે જિલ્લા / શહેર મ્યુનિસીપલ ચુંટણી અધિકારી અને કલેકટર, મતદાન નોંધણી અધિકારી અને જુનાગઢ, ગાંધીનગર સિવાયના મ્યુનિસીપલ કમિશ્નરોને સુચના આપી છે કે આગામી ૧ એપ્રિલ ૨૦૨૬ ના રોજ નકકી થયેલા સ્થળોએ મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ કરવાની રહેશે. ગુજરાત વિધાનસભાની અધ્યતન મતદાર યાદીના આધારે આ સ્થાનિક સ્વરાજયની યાદી તૈયાર કરવામાં આવી છે. રાજય ચુંટણી પંચે સુચના આપી છે કે જિલ્લા અને તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ સુધી નવા નામ દાખલ કરવા, સુધારવા કે કમી કરવાની પ્રક્રિયા ચાલુ રહેશે, આ ઉપરાંત તમામ માન્ય રાજકીય પક્ષોને નિયમ મુજબ મતદાર યાદીની એક પ્રિન્ટેડ નકલ અને એક સોફ્ટ કોપી વિના મુલ્યે પુરી પાડવામાં આવશે. આ સાથે જ આખરી પ્રસિધ્ધિ અંગેનો વિગતવાર અહેવાલ તાત્કાલીક આયોગને મોકલી આપવા પણ સુચના આપવામાં આવી છે.

# રાજય સરકારના પંચાયત વિભાગ દ્વારા બદલી બઢતીનો ગંજીપો ચીપાયો : ૧૦૦ થી વધુ ટીડીઓની કરાઈ બદલીઓ



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગમાં અત્યાર સુધીનો સૌથી મોટો વહિવટી ફેરફાર થયો છે. રાજયના વિકાસ કમિશ્નર સંદિપકુમારે પંચાયત સેવાના માળખાને વધુ મજબુત અને ઝડપી બનાવવા માટે એક સાથે ૧૫૦ જેટલા અધિકારીઓની બદલી અને બઢતીના આદેશ જારી કર્યા છે.

આ આદેશ અંતર્ગત ૧૧૮ તાલુકા વિકાસ અધિકારીઓ (ટીડીઓ વર્ગ ૨) ને એક જિલ્લામાં થી બીજા જિલ્લામાં બદલી કરવામાં આવી છે. જયારે ૩૨ જેટલા વિસ્તરણ અધિકારીઓને વર્ગ ૨ માં પ્રમોશન આપીને નવી જગ્યાએ ટીડીઓ તરીકે નિમણુંક આપવામાં આવી છે.

આ મોટા પાયે થયેલા ફેરફાર થી રાજયના પંચાયતી વહિવટમાં નવી ઉર્જા આવવાની અને અટકેલા વિકાસ કાર્યોને વેગ મળવાની પુરેપુરી શકયતા છે. વહિવટી કારણોસર રાજયના અલગ અલગ તાલુકાઓમાં ફરજ બજાવતા ૧૧૮ તાલુકા વિકાસ અધિકારીઓની આંતરીક બદલીઓ કરવામાં આવી છે. જેમાં જી બી બારડ ને ભાવનગર જિલ્લાના તળાજામાંથી અમરેલી જિલ્લામાં બદલી કરવામાં આવી છે , પી એસ ચૌધરી ને મહેસાણા જિલ્લાના વડનગર થી પાટણ જિલ્લાના સિધ્ધપુર ખાતે બદલી કરવામાં આવી છે. તેમજ એસ જી પાટીલ નાઓને નવસારી જિલ્લાના ખેરગામ થી વલસાડ જિલ્લાના પારડી ખાતે મુકવામાં આવ્યા છે, ડી ડી પટેલ ને મહેસાણા જિલ્લાના જોટાણા થી પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં મુકવામાં આવ્યા છે.

શ્રીમતી ડી એચ જોશી નાઓને ગીર સોમનાથ જિલ્લાના ઉના થી બદલી કરી દેવભુમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા ખાતે બદલી કરવામાં આવી છે. આર એસ ડામોર ને સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા થી બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા ખાતે મુકવામાં આવ્યા છે. પી બી બુલાત નાઓને સુરત જિલ્લાના પલસાણાથી બદલી કરી રાજકોટ જિલ્લાના જેતપુર ખાતે મુકવામાં આવ્યા છે. બી જે જોશી નાઓને બનાસકાંઠા જિલ્લાના ધાનેરાથી બદલી કરી અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે તાલુકા વિકાસ અધિકારી તરીકે મુકવામાં આવ્યા છે.

આ ઉપરાંત એસ આર ડામોર ને અબડાસા થી ખેરગામ, વી એ ગોહિલ ને ગઢડા થી કલ્યાણપુર, એમ જે ચાવડા ને ગારીયાધાર થી ગઢડા, એન બી મોઢ ભિલોડા થી વિજયનગર મુકવામાં આવ્યા છે, એમ એન પટેલ મહેસાણા થી પાટણ, શ્રીમતી એમ એમ ગાંગાણી જેતપુર થી ગોંડલ, ડી જી ગઢીયા કોટડા સાંગણાથી લોધિકા , એમ એચ કટારા ભરૂચ થી કપડવંજ ની પણ બદલી કરવામાં આવી છે. સાથે જ સી પી ચૌહાણ ને લીમખેડા, કે એન ગાધે તળાજા, આર એચ હડીયલ ધ્રાંગધ્રા , કે બી ખીમાણી ચોટીલા, એન આર સોલંકી, સુરત જિલ્લાના માંડવી, અને પી એમ સાંગાણી સહિત કુલ ૧૧૮ અધિકારીઓને નવા તાલુકાઓનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

## AHMEDABAD MUNICIPAL CORPORATION

Mahanagar Seva Sadan

Streetlight/Traffic Signal Department

E-tender Notice

EOI for Selection of a Consultant to Design, Prepare a Bill of Quantities (BOQ), Bid Process Management and Project Management Consultancy for the installation of a projection-based light and sound show at Bhadra Plaza, Ahmedabad.

| | |
|---|---|
| Pre-bid meeting at AMC Danapith office | Date: 10/04/2026 at 11:30 hrs |
| Last date of tender Submission (online) | Date: 23/04/2026 up to 18:00 hrs |
| Last date of tender Submission (hard copy) | Date: 24/04/2026 up to 14:00 hrs |
| Details and Tender Available on | www.tender.nprocure.com & www.ahmedabadcity.gov.in |

ભારત સરકાર
કોર્પોરેટ બાબતોનું મંત્રાલય
ઝડપી કોર્પોરેટ સમાપ્તિ પ્રક્રિયા કેન્દ્ર (સી-પેસ),
IICA બિલ્ડીંગ,7મો માળ,
પ્લોટ P-6,7,8, સેક્શન-5,
IMT માનેસર, ગુડગાંવ,હરિયાણા - 122050.
ઇમેઇલ: roc.cpace@mca.gov.in

सत्यमेव जयते

Government of India
Ministry of Corporate Affairs
Centre for Processing Accelerated
Corporate Exit (C-PACE)
IICA Building, 7th Floor,
Plot P-6,7,8, Sector-5, IMT Manesar,
Gurgaon, Haryana - 122050.
Email: roc.cpace@mca.gov.in

### ફોર્મ નંબર STK - 6
### જાહેર સૂચના

[કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 248 ની પેટા-કલમ (2) અને પેટા-કલમ (4) અને કંપનીઓ (કંપનીઓના રજિસ્ટરમાંથી કંપનીઓના નામ દૂર કરવા) નિયમો, 2016 ના નિયમ 7 અનુસાર]

જાહેર સૂચના: ROC/C-PACE/STK-2/248(2)/2025-26/2247 — તારીખ: 19/03/2026

### સંદર્ભ:

કંપની અધિનિયમ, 2013 ની કલમ 248 હેઠળ ગુજરાત રાજ્યમાં (89) કંપનીઓના નામ રદ કરવા અથવા દૂર કરવાના કિસ્સામાં:

| ક્ર.નં. | કામની વિગત | CIN | કંપનીના નામ |
|---|---|---|---|
| 1 | AC2538542 | U15400GJ2022PTC132442 | એક્વાઝી બાયોકોન પ્રાઇવેટ લિમિટેડ |
| 2 | AC2540258 | U39000GJ2024PTC150563 | બાગ્રીન બાયોસેક પ્રાઇવેટ લિમિટેડ |
| 3 | AC2569450 | U36990GJ2020PTC115884 | ફ્રમા ઇન્વોરિયો પ્રાઇવેટ લિમિટેડ |
| 4 | AC2603415 | U35914GJ1990PTC013848 | મિલિયન્સ ઓટો બ્લિંક્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 5 | AC2611365 | U45201GJ2009PTC057902 | હેરિયમ બિલ્ડટેક એન્ડ ઇન્ફ્રાપ્રોજેક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 6 | AC2610346 | U31900GJ2022PTC137739 | કેબી પાવર પ્રાઇવેટ લિમિટેડ |
| 7 | AC2650396 | U74210GJ2002PTC041515 | આર્ટેચ ટેક્નોક્રેટ્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 8 | AC2621289 | U70102GJ2012PTC113420 | અનંતજીત ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 9 | AC2649863 | U63090GJ2022PTC137219 | વિતરાગ કુરિયર સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડ |
| 10 | AC2645040 | U28219GJ2024PTC150510 | ગ્રીન એગ્રી એન્જીટેક પ્રાઇવેટ લિમિટેડ |
| 11 | AC2643644 | U51900GJ2009PTC057482 | ORB ઇમ્પેક્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 12 | AC2664760 | U45200GJ2012PTC071082 | શ્રીધર કન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડ |
| 13 | AC2665672 | U70101GJ2007PTC050765 | બીનલ એસ્ટેટ પ્રાઇવેટ લિમિટેડ |
| 14 | AC2674966 | U74999GJ2017PTC095240 | ઓક્સી લીવ્સ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ |
| 15 | AC2495545 | U70200GJ2023PTC146551 | ગામા કાર્બન ક્રેડિટ મેનેજમેન્ટ પ્રાઇવેટ લિમિટેડ |
| 16 | AC1693402 | U24290GJ2020OPC114282 | સિમ્પોર્ટ હર્બલ કેર (OPC) પ્રાઇવેટ લિમિટેડ |
| 17 | AC2337489 | U96020GJ2023PTC139154 | કાર્વી PMU પ્રાઇવેટ લિમિટેડ |
| 18 | AC2347510 | U74999GJ2020PTC118147 | ઉદ્ધાર ડિજિટલ પ્રાઇવેટ લિમિટેડ |
| 19 | AC2451268 | U28939GJ1997PTC110731 | શ્રી ભૈરવ ડાયમંડ ટૂલ્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 20 | AC2332787 | U37100GJ2021PTC123865 | કાલિયમ ઇનોવેશન્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 21 | AC2500810 | U74999GJ2018PTC104761 | કેયોટેક પ્રાઇવેટ લિમિટેડ |
| 22 | AC2518058 | U74999GJ2018PTC101453 | કેબી ધાબા ફૂડ્સ એન્ડ બેવરેજીસ પ્રાઇવેટ લિમિટેડ |
| 23 | AC2525428 | U74999GJ2020PTC111839 | ફિન્ટેક્સમેન્ટ હબ પ્રાઇવેટ લિમિટેડ |
| 24 | AC2355699 | U25209GJ2012PTC070892 | ગ્લોબલ કોલ્ડ ચેઇન સોલ્યુશન્સ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ |
| 25 | AC2342547 | U74999GJ2016PTC093404 | સ્ટારલેટ એડટેક પ્રાઇવેટ લિમિટેડ |
| 26 | AC2395438 | U51410GJ2022PTC130653 | શારામ આઇ-મેક્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 27 | AC2376667 | U70109GJ2022PTC131920 | લીડિંગ એજ રિયલ્ટર્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 28 | AC2399287 | U72900GJ2022PTC129795 | ક્લેવર ગિક્સ એજ્યુટેક પ્રાઇવેટ લિમિટેડ |
| 29 | AC2376489 | U92412GJ2010GAT060467 | ધનલક્ષ્મી જીમખાના પ્રાઇવેટ લિમિટેડ |
| 30 | AC2523869 | U17299GJ2022PTC128453 | કેવડિયા એપલ્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 31 | AC2518611 | U17299GJ2022PTC128439 | કેવડિયા કોટ્સપિન પ્રાઇવેટ લિમિટેડ |
| 32 | AC2413455 | U55204GJ2013PTC076914 | હોટેલ સિફાટ ઇન્ટરનેશનલ પ્રાઇવેટ લિમિટેડ |
| 33 | AC2424592 | U24233GJ2013PTC075884 | આર્કોન હેલ્થકેર પ્રાઇવેટ લિમિટેડ |
| 34 | AC2403373 | U51909GJ1996PTC030185 | કર્ણવતી કમ્પોઝિટ પ્રાઇવેટ લિમિટેડ |
| 35 | AC2412707 | U26107GJ2023PTC143882 | જેટલોજિક ટેક્નોલોજીસ પ્રાઇવેટ લિમિટેડ |
| 36 | AC2491903 | U28910GJ2014PTC079476 | એક્ટર રોટેક્સ કંટ્રોલ્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 37 | AC2387842 | U01403GJ2008PTC053855 | મધુવન સ્પેસ મેનેજમેન્ટ પ્રાઇવેટ લિમિટેડ |
| 38 | AC2383115 | U66190GJ2024PTC155878 | નંદ કે શાહ એસોસિએટ્સ (IFSC) પ્રાઇવેટ લિમિટેડ |
| 39 | AC2276039 | U51909GJ2011PTC096710 | યશીઆદિયલ ટ્રેડ પ્રાઇવેટ લિમિટેડ |
| 40 | AC2436559 | U62013GJ2023PTC144084 | ક્લાઉડનેક્સ આઇટી ફ્યુચર પ્રાઇવેટ લિમિટેડ |
| 41 | AC2520714 | U73100GJ2025PTC170025 | એક્સીલેન્ટ ગ્લોબલ ઈન્ટીટેટીઝ પ્રાઈવેટ લિમિટેડ |
| 42 | AC2537704 | U13124GJ2024PTC149921 | ગ્લોરામા એપેરલ્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 43 | AC2525738 | U20237GJ2023PTC141756 | સ્વીટ સોલ્ટ બ્યુટી એન્ડ સ્કિન પ્રાઇવેટ લિમિટેડ |
| 44 | AC2521960 | U18204GJ2014PTC079459 | સંકલ્પ એજ પ્રાઇવેટ લિમિટેડ |
| 45 | AC2523630 | U17299GJ2022PTC128440 | કેવડિયા કોટેક્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 46 | AC2498659 | U72900GJ2021PTC122071 | ડિસાઇટ એનાલિટિક્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 47 | AC2337282 | U21003GJ2024PTC153499 | આર્યમા હેલ્થકેર પ્રાઇવેટ લિમિટેડ |
| 48 | AC2419705 | U67190GJ2017PTC095421 | સિંગાપોર ફોરેક્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 49 | AC2431685 | U45201GJ1997PTC031741 | વૃષભ ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 50 | AC2498743 | U74101GJ2023PTC146036 | ગ્લેમોનિસા ઇકોમર્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 51 | AC2562401 | U70102GJ2016PTC092298 | વિરલ પ્રોજેક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 52 | AC2544009 | U26102GJ2024PTC153833 | સત્ત્વસિલિકોન સોલ્યુશન્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 53 | AC2550325 | U46419GJ2023PTC139715 | અવ્યંકર્ટ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ |
| 54 | AC2546169 | U45203GJ2012PTC070422 | બરોડા પાર્કકોન પ્રાઇવેટ લિમિટેડ |
| 55 | AC2556358 | U72200GJ2014PTC078868 | સોફ્ટગેટ સૉફ્ટવેર સોલ્યુશન પ્રાઇવેટ લિમિટેડ |
| 56 | AC2556340 | U52100GJ2022PTC131164 | નવચંકર ફેશન પ્રાઇવેટ લિમિટેડ |
| 57 | AC2437848 | U63030GJ2022PTC137093 | મણિઆર લોજિસ્ટિક્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 58 | AC2451331 | U15400GJ2021PTC124737 | ઝુબાની ફૂડ્સ ઇન્ટરનેશનલ પ્રાઇવેટ લિમિટેડ |
| 59 | AC2481242 | U24290GJ2021PTC122565 | શ્રી ઉમાપતિ કેમિકલ્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 60 | AC2454907 | U21006GJ2023FTC143247 | ECMI મેડિકલ ડિવાઇસીસ પ્રાઇવેટ લિમિટેડ |
| 61 | AC2569308 | U68100GJ2008PTC052519 | RTC ઇન્ફ્રાબિલ્ડકોન પ્રાઇવેટ લિમિટેડ |
| 62 | AC2568636 | U62099GJ2025PTC166828 | સેન્ટિયન્ટ નેટવર્ક્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 63 | AC2568977 | U14200GJ2022PTC131367 | કેવિલ માઇનિંગ પ્રાઇવેટ લિમિટેડ |
| 64 | AC2564285 | U22219GJ2005PTC046958 | પ્રિન્ટવેલ મલ્ટીકલર પ્રાઇવેટ લિમિટેડ |
| 65 | AC2578024 | U51909GJ2022PTC135543 | અભ્યુદય ટ્રેડકોમ પ્રાઇવેટ લિમિટેડ |
| 66 | AC2570796 | U28910GJ2013PTC077487 | શ્રીનાથ ઇન્ટિરિયર્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 67 | AC2482380 | U74140GJ2012PTC071302 | લીવરેજ કેપિટલ એડવાઇઝર્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 68 | AC2268810 | U46909GJ2023PTC142179 | જોયઝાર્થ એગ્રીકલ્ચર ટ્રેડ પ્રાઇવેટ લિમિટેડ |
| 69 | AC2464183 | U24304GJ2016PTC092649 | લુક્રેટિયા ફાર્મા પ્રાઇવેટ લિમિટેડ |
| 70 | AC2460017 | U46209GJ2023PTC140957 | વેલિયન્ટિક એગ્રોટ્રેડ પ્રાઇવેટ લિમિટેડ |
| 71 | AC2578005 | U65910GJ1995PTC027175 | શાલિન એન્જિનિયર્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 72 | AC2586536 | U72200GJ2007PTC051507 | સુપ્લેન્ટા ઇન્ફોર્મેટિક્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 73 | AC2589710 | U15549GJ2017PTC099750 | હેસ્ટર ફૂડ પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 74 | AC2591898 | U63112GJ2023PTC140152 | નુપુરસોશિયલહાઉસ પ્રાઇવેટ લિમિટેડ |
| 75 | AC2570829 | U51909GJ2022PTC132155 | શ્રીજી કૃપા માર્કેટિંગ પ્રાઇવેટ લિમિટેડ |
| 76 | AC2583866 | U74999GJ2022PTC135951 | V4S સિક્યોરિટી પ્રાઇવેટ લિમિટેડ |
| 77 | AC2625122 | U22208GJ2023PTC145730 | અકૈયો મલ્ટીપેક પ્રાઇવેટ લિમિટેડ |
| 78 | AC2282606 | U74900GJ2016PTC086237 | IM બિઝનેસ હબ પ્રાઇવેટ લિમિટેડ |
| 79 | AC2620581 | U18203GJ2020PTC114610 | અલપોશ પ્રાઇવેટ લિમિટેડ |
| 80 | AC2251857 | U77294GJ2023PTC139929 | KGV ટેક્સટાઇલ પ્રાઇવેટ લિમિટેડ |
| 81 | AC2612518 | U47912GJ2025OPC166496 | કામવી રિટેલ (OPC) પ્રાઇવેટ લિમિટેડ |
| 82 | AC2611900 | U17092GJ2025PTC166609 | પિનલ પેપર પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 83 | AC2333616 | U46305GJ2023PTC144280 | બ્રહ્માનંદ એક્સપોર્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ |
| 84 | AC2116985 | U70102GJ2011PTC066863 | યોગક્ષેમ ઇન્ફ્રાકોન પ્રાઇવેટ લિમિટેડ |
| 85 | AC2416918 | U74999GJ2022PTC133373 | ઇટર્નલ લીફ પ્રાઇવેટ લિમિટેડ |
| 86 | AC2558917 | U51909GJ2002PTC040904 | ગેલ્કો માર્કેટિંગ પ્રાઇવેટ લિમિટેડ |
| 87 | AC2467407 | U21001GJ2024PLC153350 | સોલ્ટર રેમેડીઝ લિમિટેડ |
| 88 | AC2250528 | U20237GJ2024PTC151434 | H R સિક્રેટ પોર્શન પ્રાઇવેટ લિમિટેડ |
| 89 | AC2578727 | U72501GJ2017PTC096336 | કઝિન ઇન્ફોટેક પ્રાઇવેટ લિમિટેડ |

2. આથી સૂચના આપવામાં આવે છે કે કંપની રજિસ્ટ્રારને ઉપરોક્ત કંપનીઓ તરફથી કંપની અધિનિયમ, 2013 ની કલમ 248(2) હેઠળ કંપનીના રજિસ્ટરમાંથી તેમના નામ (S) દૂર કરવા માટે અરજીઓ મળી હતી, કારણ કે તેઓ તેમના નિષ્ક્રિય થયાના એક વર્ષની અંદર વ્યવસાય શરૂ કરવામાં નિષ્ફળ ગયા છે અથવા કારણ કે કંપની (S) બે નાણાકીય વર્ષોથી કોઈપણ વ્યવસાય અથવા કામગીરી કરી રહી નથી/રહી રહી નથી અને કંપની અધિનિયમ, 2013 ની કલમ 455 હેઠળ નિષ્ક્રિય કંપનીનો દરજ્જો મેળવવા માટે આવા સમયગાળા દરમિયાન કોઈ અરજી (ઓ) કરી નથી અથવા કંપની (ies) એ નિષ્ક્રિય કંપનીનો દરજ્જો મેળવ્યો છે/મેમોરેન્ડમના સબ્સ્ક્રાઇબરોએ કંપનીના નિષ્ક્રિય સમયે ચૂકવવાનું વચન આપ્યું હતું તે સબ્સ્ક્રિપ્શન ચૂકવ્યું નથી અને કલમ 10A ની પેટા કલમ (1) હેઠળ તેના નિષ્ક્રિય થયાના એકસો એંસી દિવસની અંદર આ અસરની ઘોષણા ફાઇલ કરવામાં આવી નથી/કોઈ વ્યવસાય અથવા કામગીરી કરી રહી નથી, જેમ કે પેટા કલમ હેઠળ કરવામાં આવેલી ભૌતિક ચકાસણી પછી બહાર આવ્યું છે. કલમ ૧૨ ની (૯) માં, પરંતુ તે/તેઓ કંપની તરીકે તેમનું/તેમનું રજીસ્ટ્રેશન ચાલુ રાખવા માંગતા નથી અને તેથી, કંપનીના રજીસ્ટરમાંથી તેમના/તેમના નામ દૂર કરવા/કાઢી નાખવાની વિનંતી કરી છે.

૩. તે મુજબ, કંપનીના રજિસ્ટ્રાર ઉપરોક્ત કંપનીઓના નામ કંપનીના રજીસ્ટરમાંથી દૂર કરવા અથવા દૂર કરવાનો પ્રસ્તાવ મૂકે છે.

૪. કંપનીઓના રજીસ્ટરમાંથી કંપનીઓના નામ દૂર કરવા અથવા દૂર કરવા સામે વાંધો ઉઠાવતી કોઈપણ વ્યક્તિ આ સૂચનાના પ્રકાશનની તારીખથી ત્રીસ દિવસની અંદર ઉપર દર્શાવેલ ઓફિસ સરનામે પોતાનો વાંધો મોકલી શકે છે.

ઇરકાન ટિર્કી
ડેપ્યુટી રજિસ્ટ્રાર
સેન્ટર ફોર પ્રોસેસિંગ એક્સિલરેટેડ કોર્પોરેટ એક્ઝિટ

CBC 07123/11/0791/2526

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત વિકસિત ગુજરાત

GUJARAT URBAN DEVELOPMENT YEAR 2025
20 વર્ષ શહેરી વિકાસનાં



માનનીય વડાપ્રધાન
# શ્રી નરેન્દ્ર મોદીના
વરદ હસ્તે

**₹19,800 કરોડ થી વધુના વિકાસલક્ષી વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત**



અતિથિ વિશેષ
## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

વિશેષ ઉપસ્થિતિ

**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી શંકરભાઈ ચૌધરી**
માનનીય અધ્યક્ષ, વિધાનસભા, ગુજરાત

**કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પો**

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના 44 પ્રકલ્પો
- કેન્દ્રના માર્ગ પરિવહન તથા રાજમાર્ગ મંત્રાલયના 6 પ્રકલ્પો
- વિદ્યુત મંત્રાલય અને રેલવે મંત્રાલયના 3-3 પ્રકલ્પો
- જળ સંપત્તિ વિભાગના 5 પ્રકલ્પો
- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC)ના 3 પ્રકલ્પો
- આરોગ્ય, પ્રવાસન તેમજ માર્ગ અને મકાન વિભાગના 2-2 પ્રકલ્પો
- પાણી પુરવઠા અને આદિજાતિ વિકાસ વિભાગના વિવિધ પ્રકલ્પો

**તારીખ: 31/3/2026 | સમય: સાંજે 04:00 વાગે | સ્થળ: નાણી, વાવ-થરાદ**

## વિકાસની ઐતિહાસિક ભેટ

**આરોગ્ય ક્ષેત્રે સુવિધાઓમાં વધારો**
1600થી વધુ દર્દીઓના પરિવારજનોને ન્યૂનતમ દરે રહેવા અને ભોજનની ઉત્તમ સગવડ મળશે

**રેલ કનેક્ટિવિટીમાં વધારો**
₹891 કરોડના રેલ પ્રકલ્પો દ્વારા 94 કિમી સુધી કનેક્ટિવિટી મજબૂત બનશે, મુસાફરી સરળ થશે અને અર્થતંત્રને વેગ મળશે

**અમદાવાદ-ધોલેરા SIR માર્ગમાં ઐતિહાસિક ગતિ**
₹5,105 કરોડના 109 કિમી એક્સપ્રેસ-વેથી મુસાફરીનો સમય આશરે 2 કલાક 15 મિનિટથી ઘટીને માત્ર 45 મિનિટ થશે. જે વેપાર, રોકાણ અને રોજગારી માટે નવી તકો સર્જાશે

**વિશ્વસનીય વીજ પુરવઠો**
₹3,645 કરોડના રોકાણ સાથે 6000 MVA + 4.5 GW ક્ષમતા અને આશરે 958 CKM ટ્રાન્સમિશન લાઈન નેટવર્કથી 30 લાખથી વધુ રહેણાંકોને અવિરત વીજ પ્રવાહ મળશે



**ટ્રાફિક સમસ્યામાં રાહત**
અડાલજના 1.02 કિ.મી. લાંબા ઓવરબ્રિજથી અન્નપૂર્ણા સર્કલ ખાતે ટ્રાફિક સમસ્યામાં રાહત, હજારો નાગરિકોનો દૈનિક પ્રવાસ વધુ સુગમ, સરળ અને સુરક્ષિત બનશે

**આદિજાતિ યુવાનોને શિક્ષણમાં નવી તકો**
628 વિદ્યાર્થીઓનો સમાવેશ ધરાવતી હોસ્ટેલ્સથી સુરક્ષિત રહેઠાણ, અભ્યાસ અને ભોજન જેવી સુવિધાઓ મળી રહેશે

**પર્યટનનો અનુભવ બનશે વધુ રોચક**
₹68 કરોડના પર્યટન પ્રકલ્પોથી મુલાકાતીઓ માટે હેરિટેજ સ્થળોની અનુભૂતિ આહલાદક બની રહેશે સ્થાનિક રોજગારીમાં વધારો થશે અને રાજ્યના સાંસ્કૃતિક વારસાને આધુનિકતાનો ઓપ મળશે

**ગ્રામીણ પરિવારોને સુરક્ષિત રહેઠાણ**
પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ 34 જિલ્લાના 38,949 આવાસોમાં ગૃહ પ્રવેશથી હજારો પરિવારોને સન્માનપૂર્ણ અને સુરક્ષિત જીવનનો આધાર મળશે

**જળ સુવિધાનું વિસ્તરણ**
110 કિમી લાંબી પાઈપલાઈનોનું નિર્માણ, 128 ગામોના 280 તળાવો નર્મદાના જળ સાથે જોડાયા, ગુજરાતના 92,000 એકર વિસ્તારને સિંચાઈનો બહોળો લાભ મળશે

**ઔદ્યોગિક વિકાસને મજબૂત આધાર**
સાણંદ-2 અને નરોડા GIDC સહિતના પ્રકલ્પોથી 2,416 હેક્ટર વિસ્તારમાં આશરે 1,150થી વધુ ઉદ્યોગોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડ્રેનેજ, રસ્તા અને પરિવહન સુવિધાનો સીધો લાભ મળશે

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ ચેનલ પર DD NEWS